RIGHT TO INFORMATION

બહુજનહિતાય બહુજનસુખાય

અપીલ અરજી નં.૬૪૫ તા.૨૨–૨–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળા :– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–સેન્ટ્રલઝોન, ઈ.ચા. ડે.કમિ. (હે અને હો) અને આરોગ્ય અધિકારી અને ત. જાહેર માહિતી અધિકારી (માર્કેટ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨૩–૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) સૈયદપુરા માર્કેટ, વકીલ સ્ટ્રીટની નોંધ નં. ૧૨/૨૬૫૧, ૫૨ અને ૫૩માં મંજુર પ્લાનની વિરુદ્ધ રજાચિઠ્ઠીની મુદ્દા નં. ૩ નો ભંગ કરી એસ.એમ.સી.માં પ્લાન મંજુરીની આડમાં વધારાનો એક માળ ગેરકાયદેસર બાંધેલ હોય, જે ધી.બી.પી.એમ.સી. એકટની કલમ–૨૬૦ તથા ૨૬૭ મુજબ ડીમોલેશન કરવા અંગેની માહિતીની નકલ વિ. મુદ્દા નં.(૧)થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૨–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૪૫ /૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨૩–૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) સૈયદપુરા માર્કેટ, વકીલ સ્ટ્રીટની નોંધ નં. ૧૨/૨૬૫૧, ૫૨ અને ૫૩ માં મંજુર પ્લાનની વિરુદ્ધ રજાચિઠ્ઠીની મુદ્દા નં.૩નો ભંગ કરી એસ.એમ.સી.માં પ્લાન મંજુરીની આડમાં વધારાનો એક માળ ગેકાયદેસર બાંધેલ હોય, જે ધી.બી.પી.એમ.સી એકટની કલમ–૨૬૦ તથા ૨૬૭ મુજબ ડીમોલેશન કરવા અંગેની માહિતીની નકલ વિ. મુદ્દા નં. (૧)થી (૪)ની માહિતી આપવા બાબતે એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. જા.નં. પીએચડી/માર્કેટ/૧૧૫૦ તા. ૭–૨–૧૨ થી માંગેલ માહિતીના મુદ્દા નં. ૨ અંગેની માહિતી અસ્પષ્ટ, અપારદર્શિ અને મુદ્દા નં. ૧, ૩, ૪ અંગેની માહિતી ઈરાદાપૂર્વક આપેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૨–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા સાથે સેન્ટ્રલઝોનના જાહેર માહિતી અધિકારીને મુદ્દા નં. ૧ અંગે રીપેરીંગ–મંજુરીની વિગતો સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૯૨૧ તા. ૫–૩–૧૨થી જાહેર માહિતી અધિકારી તથા અરજદારને મુદ્દા નં. ૨ અંગે કોઈ વાંધા અરજી આપેલ કે કેમ ? તેની નકલ–આધાર સહ સ્પષ્ટ કરવા તથા વધુમાં આરટીઆઈ કાયદા હેઠળ અરજી કરી માહિતી માંગણીની જોગવઈ છે જયારે કાર્યવાહી કે તકરાર નિવારણ માટે ? સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવી રહે એવું જણાવતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી માર્કેટ તરફથી પત્ર જા.નં. પીએચડી/માર્કેટ/ ૧૨૫૬ તા. ૧૨–૩–૧૨થી પૂરક વિગતોમાં અરજદારની મૂળ અરજીની નકલ,જાહેર માહિતી અધિકારી માર્કેટ તરફથી પત્ર નં. જા.નં.પીએચડી/માર્કેટ/૧૧૫૦ તા. ૭–૨–૧૨થી અરજદારને નિયત સમય અવધિમાં આપેલ માહિતીના પત્રની નકલ, કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ / જાવક/૨૧૦૧ તા. ૨૪–૧–૧૨થી આરોગ્ય અધિકારી આરોગ્ય વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, તેમજ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આ.નં./ ૨૬૬૭ તા. ૧૭–૩–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મૂળ અરજીની નકલ, કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ /જાવક/૨૧૦૧ તા. ૨૪–૧–૧૨થી આરોગ્ય અધિકારી આરોગ્ય વિભાગને નિયત સમય અવધિમાં તબદીલ કરેલ પત્રની નકલ, ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આ.નં./૨૫૩૧ તા. ૨–૩–૧૨થી અરજદારને નિયત સમય અવધિ બાદ આપેલ માહિતીના પત્રની નકલ, અરજદાર તરફથી તા. ૧૨–૩–૧૨ના પૂરક પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૨૩–૧–૧૨ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી ઝોનલચીફ સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/

આરટીઆઈ /જાવક/ ૨૧૦૧ તા. ૨૪–૧–૧૨થી નિયત સમયમાં આરોગ્ય અધિકારીને તબદીલ કરવામાં આવેલ. જે અંગે અરજદારે એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. જા.નં. પીએચડી/માર્કેટ/૧૧૫૦ તા. ૭–૨–૧૨ થી માંગેલ માહિતીના મુદ્દા નં. ૨ અંગેની માહિતી અસ્પષ્ટ, અપારદર્શિ અને મુદ્દા નં. ૧, ૩, ૪ અંગેની માહિતી ઈરાદાપૂર્વક આપેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૨૨–૨–૧૨ના રોજ અપીલ અરજી કરેલ. જેમાં મુદ્દા નં. (૧) સૈયદપુરા માર્કેટ, વકીલ સ્ટ્રીટની નોંધ નં. ૧૨/૨૬૫૧, ૫૨ અને ૫૩ માં મંજુર પ્લાનની વિરુદ્ધ રજાચિઠ્ઠીની મુદ્દા નં.૩નો ભંગ કરી એસ.એમ.સી.માં પ્લાન મંજુરીની આડમાં વધારાનો એક માળ ગેકાયદેસર બાંધેલ હોય, જે ધી.બી.પી.એમ.સી એકટની કલમ–૨૬૦ તથા ૨૬૭ મુજબ ડીમોલેશન કરવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર જા.નં.પીએચડી/માર્કેટ/૧૧૫૦ તા. ૦૭–૦૨–૧૨થી નિયત સમય અવધિમાં " લાગુ પડતુ નથી." તેવું જણાવેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં./૨૫૩૧ તા. ૦૨–૦૩–૧૨થી નિયત સમય અવધિ બાદ " વોર્ડ નં. ૧૨/૨૬૫૩ વાળી મિલતકનાં સેન્ટ્રલઝોન તરફથી આપવામાં આવેલ સોકોઝ નોટીસની નકલ આ સાથે સામેલ છે " તેવું જણાવેલ.

(૨) સૈયદપુરા માર્કેટ, કુંભારવાડા પાસેની મિલકત નોંધ નં. ૧૨/૨૪૪૧ ના મિલકતધારક સદર મિલતકનું ગેરકાયદેસર રીપેરીંગ કરી રહયા હોય અને મિલકતના પાછળના ભાગે ગેરકાયદેસર દિવાલ ઉભી કરેલ હોય તેની તથા આ વિસ્તાર કુંભારવાડાનો રહેઠાણ વિસ્તાર હોય તેની તથા અહીં સદર મિલકતની નજીક શ્રીરામ ભકત હનુમાનજી ભગવાનનું મંદિર વર્ષો પહેલાનું હોય અને અહીં કથા કીર્તન અને ઉત્સવ દર વર્ષે યોજવામાં આવે છે. જેથી આ મિલકતધારકો જીવતી મરઘી કાપીને વેચાણ કરવાનો પરવાનો આપવો નહીં અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી તરફથી " પરવાનો ન આપવા બાબતે કોઈની વાંધા અરજી અત્રેની કચેરીએ મળેલ નથી." તેવું જણાવેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી વોર્ડ નં. ૧૨/૨૪૪૧ વાળી મિલકતના પાછળના ભાગે ગેરકાયદેસર દિવાલ ઉભી કરેલ હોવાની કોઈ માહિતી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ પર જણાતી નથી." તેવું જણાવેલ.

(૩) આજે મુદ્દા નં.૨ ને આપ માર્કેટ વિભાગ જીવતી મરઘી કાપવાનો પરવાનો આપશો કાલે બીજા આજ આધારે આજ ધંધા અર્થે પરવાનો માંગશે જેને રોકવા અર્થે આજ મિલકતધારકને પરવાનો આપવા અંગેની માહિતીની નકલ તેવા પ્રશ્ન બાબતે એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી તરફથી " ઉપલબ્ધ નથી. " તેવું જણાવેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી." તેવું જણાવેલ.

(૪) ભવિષ્યમાં આ વિસ્તાર રહેઠાણ હોવાથી અને હિન્દુ દલિત–ઓબીસીનો વિસ્તાર હોય, સુલેહ શાંતિનો ભય થાય જે અંગેની જવાબદારી આપશ્રીની રહેશે. જે અંગે માહિતીની નકલ તેવા પ્રશ્ન બાબતે એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી તરફથી "ઉપલબ્ધ નથી. " તેવું જણાવેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી " સદર બાબતે તેમના દ્વારા કોઈ પ્રશ્ન પૂછવામાં આવેલ નથી. જેથી માહિતી આપવાની રહેતી નથી." તેવું જણાવેલ.

અરજદારને મુદ્દા નં. ૨ અંગે કોઈ વાંધા અરજી આપેલ કે કેમ ? તેની નકલ–આધાર સહ સ્પષ્ટ કરવા તથા વધુમાં આરટીઆઈ કાયદા હેઠળ અરજી માહિતી માંગણી માટે છે કાર્યવાહીના કે તકરાર નિવારણ માટે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવી રહે તે પણ જાણશો એવું જણાવતો અત્રેથી પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તા. ૧૨–૩–૧૨ના પૂરક પત્રમાં જણાવેલ કે અમો અરજદારે ઉપરોકત વિષયમાં આરટીઆઈ એકટની વાંધા અરજી આઈડી નં. ૧૬૪૭ તા. ૨૩–૧–૧૨ના રોજ આપેલ. જે આરટીઆઈ એકટની અરજીમાં હિન્દુ ધાર્મિક શ્રી હનુમાનજી ભગવાનનાં મંદિર અંગે વિસ્તૃત રજુઆત કરેલ છે. એક રીતે જોતાં અમો અરજદારની આરટીઆઈ એકટની અરજીને જ વાંધા અરજી તરીકે ન સ્વીકારવાનાં કારણો–આધારો આપશ્રી જણાવશો. જયારે સદર નોંધ નં. મિલકતધારકે રીપેરીંગની મંજુરી મેળવેલ ન હોય, સદર મિલકત રેસીડન્ટ હોય જેને કોર્મશિયલ અંગેની કાર્યવાહી કરેલ ન હોય અને તેમ છતાં તેને જીવતી મરઘી કાપીને વેચવાનો પરવાનો અને તે પણ રહેઠાણ મહોલ્લામાં આપવો કેટલો યોગ્ય છે જે આપશ્રી પોતે જ વિચારો કે આપશ્રીના ઘરની પાસે આ રીતે વ્યાપાર કરવા કોઈ ખાટકી આવી જાય તો આપ શું કરશો ? એટલે પહેલા રીપેરીંગની મંજુરી અને રેસીડન્ટ મિલકતને કોર્મશિયલ અંગેની મંજુરી બાદ જ જીવતી મરઘી કાપીને વેચવાનો પરવાનો આપવો જોઈએ. ફકત એક નાની જાહેરાત ન્યુઝ પેપરમાં આપી દેવાથી આપશ્રીની કચેરીના માર્કેટ સુપ્રિટેન્ડન્ટની જવાબદારી પુરી થતી નથી કારણ કે તેઓ પણ એક પગારદાર નોકર જ છે જે ભૂલવું જોઈએ નહિ તેવું જણાવેલ.

સમગ્ર હકીકત જોતાં અરજદારે મુદ્દા નં. ૨ થી ૪ અંગે કોઈ સ્પષ્ટ અને ચોક્કસ માહિતી માંગ્યાનું સ્પષ્ટ થતું નથી. અરજદારનું વલણ આરટીઆઈ હેઠળ અગાઉ માંગેલ માહિતી અરજીને વાંધા અરજી ગણાવવાનું પણ કાયદાના આમુખથી ચરિતાર્થ થયેલ જોગવાઈ તથા સબંધિત કાયદા–નિયમની જોગવાઈ સાથે સુસંગત નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૨–૨–૧૨ ધ્યાને લેતાં ૨૨–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૬–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૩–૦૧–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બન્ને જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પુરી પડાયેલ હોઈ, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. વધુમાં અરજદારે અપીલમાં કરેલ તકરાર નિવારણને લગતી ફરીયાદ બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે. "

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) અને આરોગ્ય અધિકારી અને ત.જાહેર માહિતી અધિકારી– માર્કેટ, ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–સેન્ટ્રલઝોન .... જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,